# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-06-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

1) રાજ્યની 149 નગરપાલિકાઓમાં માર્ગ સમારકામ માટે કુલ 107 કરોડ રૂપિયાની નાણાકીય સહાયને સરકારની મંજૂરી

2) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વ્યક્તિગત તાકાત કરતાં સામૂહિક તાકાત ને વધારે પ્રભાવશાળી ગણાવી

3) કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટિલે નવસારી-બિલિમોરામાં 27 કરોડ રૂપિયાથી વધુનાં વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું

4) શિક્ષણ મંત્રી ડૉક્ટર કુબેર ડીંડોરે સંતરામપુર અને કડાણા તાલુકામાં સમરસ ગ્રામ પંચાયતોને 51 લાખ રૂપિયાની ગ્રાન્ટ આપવાની જાહેરાત કરી

5) આગામી સાત દિવસ રાજ્યના મહત્તમ તાપમાનમાં મોટો ફેરફાર નહીં થવાની હવામાન વિભાગની આગાહી.

-----------------------------------------------------------------------------------

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM NAGARPALIKA

રાજ્યની 149 નગરપાલિકાઓને માર્ગ સમારકામ માટે કુલ 107 કરોડ રૂપિયાની નાણાકીય સહાયને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંજૂરી આપી છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર નગર પાલિકાઓની કેટેગરી મુજબ 40 લાખથી એક કરોડ રૂપિયા સુધીની ગ્રાન્ટ ફાળવાશે.

'અ' વર્ગની 37 નગરપાલિકાઓને પ્રત્યેકને 1 કરોડ પ્રમાણે કુલ 37 કરોડ , 'બ' વર્ગની 34 નગરપાલિકાઓને દરેકને 80 લાખ મુજબ 27 કરોડ , 'ક' વર્ગની 61 નગરપાલિકાઓને દરેકને 60 લાખ પ્રમાણે કુલ 36 કરોડ તેમજ 'ડ' વર્ગની 17 નગરપાલિકાઓને પ્રતિ નગરપાલિકા 40 લાખ પ્રમાણે 6 કરોડ 80 લાખ એમ કુલ મળીને 107 કરોડ રૂપિયાની સહાય મુખ્યમંત્રી શહેરી સડક યોજનામાંથી ફાળવવામાં આવશે.

જો ભારે વરસાદના કારણે માર્ગોને વધુ નુકસાન થાય તો તેમને જરૂરિયાત અને માંગણી મુજબ રોડ રિપેરિંગ માટે વધુ નાણાં ફાળવવામાં આવશે.

. . . . . . . . . . . . .

# CM BOOK INAUGURATION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું વ્યક્તિગત તાકાત કરતાં સામૂહિક તાકાત વધારે પ્રભાવશાળી છે. અમદાવાદમાં વિશ્વ ઉમિયાધામ ખાતે 'સોનાની હાટડી ' પુસ્તકનું વિમોચન કરતાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું કે આજનો સમય સહકારથી સમૃદ્ધિનો છે . આજે વિમોચન કરાયેલા આ પુસ્તકમાં પાટડીના રાજવી દરબારો અને દેસાઈ ભાયાતોની આશરે 750 વર્ષની વંશાવલીનો સમાવેશ કરાયો છે.

(BYTE -- CM BHUPENDRA PATEL)

. . . . . . . . . . . . . .

# C R Patil Navsari and Bilimora

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટિલે આજે નવસારી અને બિલિમોરામાં 27 કરોડ 59 લાખ રૂપિયાનાં વિવિધ વિકાસકાર્યોનાં લોકાર્પણ અને ખાતમૂહુર્ત કર્યાં.

શ્રી પાટીલે બીલીમોરા નગરપાલિકા ખાતે 15 કરોડ 38 લાખ રૂપિયાનાં વિકાસકાર્યોનાં લોકાર્પણ અને આઠ કરોડ 21 લાખ રૂપિયાનાં કાર્યોનું ખાતમૂહુર્ત કર્યું.

આ પ્રસંગે શ્રી પાટીલે ‘કેચ ધ રેઇન ” અભિયાન અંતર્ગત નવસારી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જળ સંચયની કામગીરીની પ્રશંસા કરી.

જળશક્તિ મંત્રીએ દેસરા ખાતે નવનિર્મિત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષની મુલાકાત લઈ ત્યાં બનેલા રેઇન વોટર હાર્વેસ્ટિંગના સ્ટ્રક્ચરનું નીરીક્ષણ કર્યું હતું.

અગાઉ શ્રી પાટીલે નવસારીમાં આશરે ચાર કરોડ રૂપિયાનાં ખર્ચે બનેલા નવા કાલિયાવાડી પુલ અને નવસારીના જુનાથાણા વિસ્તારમાં બનેલા સ્વામી વિવેકાનંદ સર્કલનું લોકાર્પણ કર્યું હતું.

શ્રી પાટીલે આજે સુરતનાં સરસાણા કન્વેન્શન સેન્ટરમાં આયોજિત 'એન્વાયરમેન્ટ કોન્કલેવ 2025માં હાજરી આપી હતી

. . . . . . . . . . . . .

# KUBER DINDOR GRANT

રાજ્યના શિક્ષણ મંત્રી ડૉ.કુબેર ડીંડોરે પોતાના વિધાનસભા મતવિસ્તારની સમરસ ગ્રામ પંચાયતોને વિશેષ ગ્રાન્ટ આપવાની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે સંતરામપુર વિધાનસભા મતવિસ્તારના સંતરામપુર અને કડાણા તાલુકામાં જે ગ્રામ પંચાયત સમરસ થશે તેને 51 લાખ રૂપિયાની ગ્રાન્ટ આપશે.

(બાઇટ: ડૉ.કુબેર ડીંડોર, શિક્ષણ મંત્રી)

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# Governer - Dwarka

**રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે દ્વારકા જિલ્લાના** ભથાણ ચોક **સ્થિત ગૌ શાળાની મુલાકાત લઈને પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો અને ગૌશાળાના સંચાલકો સાથે બેઠક યોજી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે** , ગૌ માતાનું દૂધ તમામ કરતાં સર્વોત્તમ છે. અને આજના ઝડપી સમયમાં જ્યારે રોગો તથા બીમારીઓનું પ્રમાણ વધ્યું છે ત્યારે , ગૌ માતાનું દૂધએ તમામ રોગોથી બચવા માટે શ્રેષ્ઠ છે તેમ વૈજ્ઞાનિકોએ પણ સ્વીકૃત કર્યું છે.

(BYTE GOVERNOR DEVVRAT)

આ પ્રસંગે ગૌશાળામાં સેવા બજાવતા ગૌ સેવકોને રાજ્યપાલના હસ્તે સન્માનિત કરાયા હતા

. . . . . . . . . . . . .

# GRAM PANCHAYAT ELECTIONS PANCHMAHAL

22મી જૂને યોજાનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટેનાં ફોર્મ ભરવાની પ્રક્રિયામાં વેગ આવી રહ્યો છે.

પંચમહાલ જિલ્લાના અમારા પ્રતિનિધી જણાવે છે કે , જિલ્લાનાં સાત તાલુકામાં 266 ગ્રામપંચાયતોમાં 171 સરપંચ અને 1407 સભ્યો માટે મતદાન યોજાશે. સૌથી વધુ 61 ગ્રામ પંચાયત ગોધરા તાલુકામાં છે.

505 મતદાન મથકો પર કુલ 3.49 લાખ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. મતદાન માટે કુલ 887 મત પેટીઓનો ઉપયોગ થશે. 56 ચૂંટણી અધિકારીઓ અને 56 મદદનીશ ચૂંટણી અધિકારીઓ તથા 2 હજાર 836 પોલિંગ સ્ટાફ મતદાનના દિવસે કરજ બજાવશે.

આવતી કાલે ઉમેદવારી પત્રો ભરવાનો અંતિમ દિવસ છે. 22 જૂને મતદાન અને 25 જૂને પરિણામ જાહેર થશે.

દરમિયાન, ૧૯ જૂનના રોજ યોજાનારી કડી વિધાનસભા પેટાચૂંટણી માટે ૯૩ જેટલા સર્વિસ વોટરને ETPBMS- ઇલેકટ્રોનીક ટ્રાન્સમિટેડ પોસ્ટલ બેલેટ સિસ્ટમ મારફતે ઈ -પોસ્ટલ બેલેટ મોકલવામાં આવ્યા છે. જિલ્લા કે રાજયની બહાર સરકારી સેવામાં ફરજ બજાવતા નાગરિકો મતદાનથી વંચિત ન રહે એ માટે આ સુવિધા આપવામાં આવે છે.

. . . . . . . . . .

# BANASKANTHA CODE OF CONDUCT

ગ્રામ પંચાયતોની ચૂંટણી દરમિયાન આદર્શ આચારસંહિતાનાં ભાગ રૂપે ધાર્મિક સ્થળનો ચૂંટણી પ્રચારના ઉપયોગ પર નિયંત્રણ મૂકવામાં આવ્યો છે.

બનાસકાંઠા જિલ્લા મેજિસ્ટ્રેટ મિહિર પટેલે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બનાસકાંઠા જિલ્લામાં આવેલ કોઈપણ મંદિર , મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારા અથવા કોઈપણ ધાર્મિક પ્રાર્થના સ્થળોનો ચૂંટણીલક્ષી ભાષણો કે ચૂંટણીના કોઈપણ પ્રકારના હેતુ પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે. આ હૂકમ 27 જૂન સુધી અમલમાં રહેશે.

. . . . . . . . . . . . .

# REV. AKASHVANI 90 YEARS

આકાશવાણી આજે તેના 90 વર્ષ ઉજવી રહ્યું છે. 8 જૂન 1936 ના રોજ , ભારતીય રાજ્ય પ્રસારણ સેવાનું નામ બદલીને ઓલ ઇન્ડિયા રેડિયો રાખવામાં આવ્યું. આ દિવસ દેશના સાંસ્કૃતિક, માહિતી અને પ્રસારણ ઇતિહાસમાં એક વિશેષ ક્ષણને ચિહ્નિત કરે છે , જ્યાં એક અવાજનો જન્મ થયો જે પેઢીઓ સુધી ગુંજતો રહેશે. સાંભળીએ એક અહેવાલ:

(વોઇસ કાસ્ટ: 1415--ADARSH-ON-AKASHVANI-ANN)

. . . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે જણાવ્યું છે કે , દક્ષિણ તરફથી આવતું ચોમાસુ મુંબઈ તરફ અટકી ગયું છે. આગામી સાત દિવસ રાજ્યના મહત્તમ તાપમાનમાં મોટો ફેરફાર જોવા મળશે નહીં.

15 જૂન સુધી દક્ષિણ ગુજરાત અને દક્ષિણ પૂર્વ સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. ગઈકાલે રાજ્યમાં મહત્તમ 42 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કંડલા એરપોર્ટ ખાતે નોંધાયું હતું , જ્યારે અમદાવાદ, રાજકોટ, સુરેન્દ્રનગર અને ગાંધીનગર ખાતે મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતું.

. . . . . . . . . . . . .

# World Oceans Day

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે વિશ્વ મહાસાગર દિવસની ઉજવણી નિમિતે વણાકબારા ગોમતીમાતા બીચની સફાઈ કરવામા આવી. વણાકબારા ગ્રામ પંચાયત, મહારાણી લક્ષ્મીબાઈ ગ્રામ પંચાયત , સરદાર વલ્લભભાઈ ગ્રામ પંચાયત, અને સાઉદવાડી ગ્રામ પંચાયતોના સંયુક્ત સહયોગથી આ સફાઇ અભિયાન હાથ ધરવામા આવ્યું.

. . . . . . . . . . . . .

# SURENDRANAGAR DIST CO OP BANK

સુરેન્દ્રનગર ખાતે ‘ધી સુરેન્દ્રનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લિમિટેડ ’ની 67મી વાર્ષિક સાધારણ સભા અને આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ 2025 અંતર્ગત સહકારી મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું.

નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાએ બેંક સાથે સંકળાયેલા ખેડૂતો અને મંડળીઓની ખેતી વિષયક ધિરાણની જરૂરિયાતની પહોંચી વળવા માટે બેંકની થાપણ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

બેન્કે આવકવેરો અને જરૂરી જોગવાઇઓને બાદ કરતા 10 કરોડ રૂપિયાથી વધુનો ચોખ્ખો નફો કર્યો છે. વર્ષ 2024-25માં બેંકના માન્ય સભાસદોને બેંકના શેર પર 10 ટકા મુજબ ડિવિડન્ડ વહેંચણી કરાશે.

. . . . . . . . . . . . .

# Daman - Fire

કેન્દ્રશાસિત પ્રદેશ દમણના મીરાસોલ વોટર પાર્કના ગોદામમાં આગનો બનાવ બન્યો, જોકે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. આ અકસ્માતમાં વોટર પાર્કમાં ઉપયોગમાં લેવાતા ફાઈબર સહિતનો સામાન બળીને ખાખ થયો હતો. જોકે, ફાયર ફાઇટરોએ ઘટનાસ્થળે પહોંચીને ઝડપી કાર્યવાહી કરી આગને કાબૂમાં લીધી હતી.

. . . . . . . . . . . . .